# ગૂજરાત વિદ્યાપીઠના આઇ કલેક્ટ ખાતા મારફતે ભરણા બાબતે સુચના

ભારત સરકારની સુચના અનુસાર વિદ્યાર્થીઓ, કોન્ટ્રાક્ટર્સ, અરજી કરનાર વગેરે તમામે વિદ્યાપીઠમાં ભરણું ભરવાનું થાય ત્યારે આ રકમ ગૂજરાત વિદ્યાપીઠના સ્ટેટ બેંક ઓફ ઇન્ડીઆના આઇ કલેક્ટ મારફતે ઓનલાઇન ભરવાની સુવિધા છે.

સ્ટેટ બેંક ઓફ ઇન્ડીઆની આઇ કલેક્ટ સેવાઓનો લાભ લેવા માટે-

1. ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઇટ ઉપર Online Fee Payment ઉપર ક્લિક કરી જે પેજ ખુલે તેમાં Click here to make payment ઉપર ક્લિક કરવાથી સ્ટેટ બેંક ઓફ ઇન્ડીઆની આઇ કલેક્ટ સાઇટ ખુલશે. તેના મુખ્ય પેજ ઉપર દર્શાવેલી શરતો સ્વીકારવા છેલ્લી શરત પછી આપેલા ચોરસ ખાનામાં ક્લિક કરો અને Proceed ઉપર ક્લિક કરવાથી વિદ્યાપીઠમાં ભરણું ભરવા માટે પેજ ખુલશે. જેમાં નીચેના હેતુઓ માટે રકમ ભરી શકાશે.
2. જેમાં Select Category ઉપર ક્લિક કરવાથી નીચેના વિકલ્પો ખુલશે.

-Educational Fees
-Hostel Fees
-Transcript Fees
-Application Form Fee.
-Convocation Fees
-Migration Fees
-Tender Fees
-Admission Form Fee
-Swimming Pool Learning Fees
-Swimming Pool Membership Fees
-Library Membership Fees
-Rent
-Donation
-Auditorium/ Ground Rent
-Naturopathy Centre
-Transportation Charges
-Deposit (EMD, Security Deposit, etc)
-Other

ઉપર દર્શાવેલ હેતુઓ પૈકી જે હેત માટે રકમ ભરવાની હોય તે હેતુ Select કરવાથી તેનું ફોર્મ ખુલશે.

અથવા

(1) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીઆની State Bank Collect સાઇટ ઉપર જાઓ

(2) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીઆની આઇ કલેક્ટ સાઇટ ખુલશે. તેના મુખ્ય પેજ ઉપર દર્શાવેલી શરતો સ્વીકારવા છેલ્લી શરત પછી આપેલા ચોરસ ખાનામાં ક્લિક કરો અને Proceed ઉપર ક્લિક કરો

(3) હવે ખુલેલા નવા પેજ ઉપર Select State ના વિકલ્પ પૈકી "All India" વિકલ્પ Select કરો.

(4) ત્યારપછીના વિકલ્પ પૈકી "Educational Institution" Select કરો.

(5) હવે નવું પેજ ખુલશે. જેમાં Select Educational Institution પૈકી "GUJARAT VIDYAPITH i COLLECT" Select કરો.

(6) હવે ગૂજરાત વિદ્યાપીઠમાં ભરણું ભરવા માટેનું પેજ ખુલશે. આ પેજ ઉપર Select Category હેઠળ ઉપર પેરા-૨માં જણાવેલા વિકલ્પ મળશે.

3. આપેલા ફોર્મમાં જરૂરી વિગતો ભરી વિદ્યાપીઠે નક્કી કરેલી રકમ ભરવાની રહેશે તથા તે રકમ ઉપર થતો આઇ કલેક્ટનો ચાર્જ પણ જે તે વ્યક્તિએ એટલે કે ભરણું ભરનારે ભરવાનો રહેશે.

4. રકમ ભરવા માટે ઇન્ટરનેટ બેંકીંગ, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ જેવા વિકલ્પ આવશે તે પૈકી જે વિકલ્પ અનુકૂળ હોય તે વિકલ્પથી રકમ ભરવાની રહેશે. બેંકમાં રોકડેથી રકમ ભરવાનો પણ વિકલ્પ મળશે જેમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડીઆનું ચલણ જનરેટ થશે. તે ચલણ સાથે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીઆની શાખામાં રકમ ભરી શકાશે.

5. ઇન્ટરનેટ બેંકીંગ કે ક્રેડિટકાર્ડ, ડેબિટ કાર્ડથી પેયમેન્ટની કાર્યવાહી સફળતાપૂર્વક પૂરી થયા બાદ રસીદ જનરેટ થશે જેનું પ્રીન્ટ લઇ જે તે વિભાગમાં, જો કોઇ ફોર્મ હોય તો તે ફોર્મ સાથે જમા કરાવવાનું કે ટપાલથી મોકલવાનું રહેશે. રકમ ભરનાર તેની વધુ એક નકલ પોતાની પાસે આધાર પુરાવા તરીકે રાખી શકશે.

6. જો કોઇ સંજોગોમાં પેયમેન્ટની પ્રક્રિયા નિષ્ફળ જાય અને ભરણું ભરનારના ખાતામાંથી રકમ ઉધરી ગઇ હશે તો તે રકમ બેંક દ્વારા પરત જમા આપવામાં આવશે.

(રાજેન્દ્ર ખીમાણી)
કુલસચિવ